## પત્રક ભાગ – ૩
## પંદરમી ગુજરાત વિધાનસભા

# શનિવાર, ૨૦મી જુલાઈ, ૨૦૨૪

### ૧૧૩. સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગોના કલ્યાણ માટેની સમિતિની બેઠક

સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગોના કલ્યાણ માટેની સમિતિની પ્રાથમિક બેઠક સોમવાર, તા.૨૪/૦૬/૨૦૨૪ના રોજ બપોરના ૦૨:૩૦ કલાકે ગુજરાત વિધાનસભા સચિવાલયના ચોથા માળે આવેલ સમિતિ ખંડ–૩માં મળી હતી. સૌ પ્રથમ સમિતિના પ્રમુખશ્રીએ સમિતિના સૌ સભ્યશ્રીઓને આવકારતું પ્રવચન કર્યું હતું અને સમિતિના કાર્યો વિષે સર્વે સભ્યશ્રીઓને માહિતગાર કરી સમિતિ સમક્ષના બાકી કામકાજની ચર્ચા વિચારણા કરી હતી અને સમિતિના સર્વે સભ્યશ્રીઓનો આભાર માન્યો હતો.

ત્યારબાદ સમિતિએ બાકી કામકાજ સંબંધમાં શિક્ષણ વિભાગના ઉચ્ચ અને ટેકનિકલ શિક્ષણ પ્રભાગની આગામી બેઠકમાં તપાસ હાથ ધરવા નક્કી કર્યું હતું. તેમજ સમિતિની તા.૦૭/૦૮/૨૦૨૩ના રોજ યોજાયેલ બેઠકમાં સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગોના વિદ્યાર્થીઓને જાતિનું પ્રમાણપત્ર આપવા માટે તેઓના વાલીનું સન–૧૯૭૮ પહેલાનું શાળા છોડ્યાનું પ્રમાણપત્ર સિવાયના પુરાવા ગ્રાહ્ય રાખવા સમિતિએ કરેલ ભલામણ સંદર્ભે સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ દ્વારા લેવાયેલ પગલાની ચર્ચા કરવા આગામી બેઠકમાં વિભાગને ઉપસ્થિત રાખવા જણાવ્યું હતું.

સમિતિનો નિર્ણય:– સમિતિની અગામી બેઠક તા.૦૯/૦૭/૨૦૨૪ના રોજ બપોરના ૧૨:૦૦ કલાકે રાખવાનું નક્કી કર્યું.

**ગુજરાત વિધાનસભા સચિવાલય,**
**ગાંધીનગર.**

**ડી.એમ.પટેલ**
**સચિવ,**
**ગુજરાત વિધાનસભા**